**રાજ્યમાં વધુ ૩૮૦ નવા કેસ : અમદાવાદમાં ૨૯૧ : ગાંધીનગરમાં ૦૪**

**કરતાં કાર્ય જગે સેવાનાં જો કદી થાકી જવાય, કાયા થાકે મન નવ થાકે, જીવતર ઉજળું એવું મનનું બળ તું આપ**

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૫૭ | ૭ મે, ૨૦૨૦, ગુરૂવાર; વૈશાખ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અમદાવાદમાં કોરોના બેકાબૂ

## રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૩૮૦ કેસ : ૨૮ના મોત : રાજ્યમાં કુલ મૃતાંક વધીને ૩૯૬ ઉપર પહોંચ્યો : અમદાવાદમાં ૨૯૧ નવા કેસો

અમદાવાદ, તા. ૬

અમદાવાદમાં ૨૪ કલાકમાં ૨૯૧ કોરોના પોઝિટિવ કેસ નોંધાતા શહેરની સ્થિતિ ગંભીર બની હતી. છેલ્લા ૨૪ કલાકમાં ૨૫ દર્દીઓના મૃત્યુ થતાં કુલ મૃત્યુઆંક ૨૯૮ પર પહોંચ્યો હતો. જે શહેરમાં ચિંતાનો વિષય બની ગયો છે. વધતા કેસો અને વધતા મૃત્યુથી રાજ્ય સરકાર અને સમગ્ર વહીવટી તંત્ર ભારે મુંઝવણમાં મુકાયું હતું. આજે સમગ્ર દિવસ દરમિયાન સતત અમદાવાદમાં બેઠકોનો દોર ચાલ્યો હતો અને કડકમાં કડક નિર્ણયો લેવા માટે મુખ્યમંત્રીએ રાજીવકુમાર ગુપ્તાને લીલીઝંડી આપી હતી.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૮૦ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૨૮ દર્દીના મોત થયા છે. જ્યારે ૧૧૯ દર્દી સાજા થયા છે. આમ મૃત્યુઆંક ૩૯૬, કુલ દર્દી ૬,૬૨૫ થયા છે જ્યારે અત્યાર સુધીમાં ૧૫૦૦ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે. રાજ્યમાં કોરોનાના ૨૪ કલાક દરમિયાન નોંધાયેલા કેસો અને મૃત્યુ તથા ટેસ્ટિંગ અંગેની વિગતો આપતા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ ૧૯ના ૩૮૦ નવા કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં ૨૯૧, વડોદરામાં ૧૬, સુરતમાં ૩૧, બનાસકાંઠામાં ૧૫, બોટાદમાં ૭, ભાવનગરમાં ૬, ગાંધીનગરમાં ૪, દાહોદ, મહિસાગર અને પંચમહાલમાં ૨-

● અનુસંધાન પાન-૭ પર

### દેશના શ્રેષ્ઠ ત્રણ તબીબોને સ્પેશ્યલ વિઝીટ માટે અમદાવાદ મોકલવા મુખ્યમંત્રીનો કેન્દ્રીય ગૃહમંત્રીને પત્ર

ગાંધીનગર, તા.૬

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહને પત્ર પાઠવીને અમદાવાદમાં કોરોના વાયરસના સંક્રમણને ગંભીરતાથી લઈને મેડીસિટી કેમ્પસમાં આવેલી સિવીલ હોસ્પિટલમાં ૧૨૦૦ બેડની કોવિડ-૧૯ હોસ્પિટલમાં હાલ જેઓ સારવાર લઈ રહ્યા છે તે બધા સહિત કોરોના સંક્રમિતોની વધુ સારી સારવાર થઈ શકે અને આ સંક્રમિતોની સારવાર કરી રહેલા તબીબો-મેડિકલ ટીમને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે ભારતના ખ્યાતનામ – શ્રેષ્ઠ ત્રણ તબીબોને સ્પેશીયલ વિઝીટ માટે મોકલવાનો અનુરોધ કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં સંક્રમિતોની સંખ્યા ૫૨ હજારને પાર

## દેશમાં ૨૪ કલાકમાં ૧૨૬ના મોત : મૃત્યુઆંક ૧૬૯૪એ પહોંચ્યો : કોરોના રિકવરી રેટ વધીને ૨૭.૪૧ ટકા થયો : દેશમાં સૌથી વધુ કેસ મહારાષ્ટ્ર ૧૫ હજારને પાર અને ૬૦૦થી વધુના મોત

ન્યુ દિલ્હી,તા.૬

ભારતમાં કોરોના વાઈરસના પોઝીટીવ કેસોની સંખ્યા સતત વધી રહી છે. નવા ૨૫૦૦ કરતાં વધુ કેસો છેલ્લાં ૨૪ કલાકમાં નોંધાયા હતા અને છેલ્લાં ૨૪ કલાકમાં જ કોરોનાથી વધુ ૧૨૫ દર્દીઓના મોત નિપજ્યા હતા. ગઈકાલે રેકોર્ડબ્રેક ૧૯૫ લોકો માર્યા ગયા હતા. તેથી ગઈકાલ કરતાં આજનો આંકડો ઓછો છે. તેમ છતાં ચિંતાજનક હોવાનું મનાઈ રહ્યું છે. તો બીજી તરફ કોરોના લોકડાઉનને લઈને રાજકારણ શરૂ થયું હોય તેમ કોંગ્રેસે આજે કેન્દ્ર સરકાર પાસેથી એ જાણવા માંગ્યું હતું કે લોકડાઉન-૩ ૧૭ મે પછી સરકાર પાસે શું આયોજન છે અને ક્યા આધારે લોકડાઉનમાં વધારો કરાય છે. કોંગ્રેસ શાસિત રાજ્યોએ આરોપ મૂક્યો હતો કે ભાજપ શાસિત કેન્દ્ર સરકાર કોંગ્રેસી રાજ્યોને કોરોના માટે નાણાં આપી રહી નથી.

સૂત્રોએ કહ્યું કે, ભારતમાં પણ કોરોના વાયરસનો પ્રકોપ વધી રહ્યો છે. દેશમાં કોરોના પૉઝિટીવ દર્દીઓની સંખ્યા ૫૨ હજારને પાર છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તરફથી જારી આંકડાઓ મુજબ દેશભરમાં કોરોના પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા ૪૯,૩૯૧ થઈ ગઈ છે. જેમાં ૩૩,૫૧૪ સક્રિય છે, ૧૪,૧૮૩ લોકો રિકવર થઈ ચૂક્યા છે અથવા તેમને હૉસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે અને ૧૬૯૪ લોકોના

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૭૬૪૮૧૧ | ૨૬૦૩૨૬ | ૧૧૧૮૨૮૪ |
| ભારત | ૫૨૩૪૦ | ૧૭૬૮ | ૧૪૯૧૧ |
| ગુજરાત | ૬૬૬૨ | ૩૯૬ | ૧૫૦૦ |
| ગાંધીનગર | ૮૩ | ૦૬ | ૧૯ |

# કોરોનાની રસી તૈયાર : ઈટાલીનો દાવો

## રોમની સ્પાલનજાની હોસ્પિટલમાં ચેપી રોગ સાથે સંકળાયેલ આ રસીનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું

રોમ,તા.૬

ઈટાલીએ દાવો કર્યો છે કે તેણે કોરોના વાયરસની રસી તૈયાર કરી છે. ઈટાલિયન સરકારે કહ્યું કે તેણે એન્ટિ-બોડીઝની શોધ કરી છે. જેણે માનવ કોષોમાં હાજર કોરોના વાયરસને ખતમ કરી દીધો છે.

જો આ દાવો સાચો સાબિત થાય છે, તો તે વિશ્વ માટે મોટી રાહતની વાત હશે. ઈટાલિયન સમાચાર એજન્સી એએનએસના જણાવ્યાનુંસાર રોમની સ્પાલનજાની હોસ્પિટલમાં ચેપી રોગ સાથે સંકળાયેલ આ રસીનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ઉંદરમાં એન્ટિ-બોડી તૈયાર કરવામાં આવ્યું હતું. તે પછી તેનો ઉપયોગ માનવો પર કરવામાં આવ્યો અને તેણે તેની અસર દર્શાવી છે.

વૈજ્ઞાનિકોએ ઉંદરો પર રસીનું પરીક્ષણ કર્યું હતું. પ્રથમ રસી પછી જ ઉંદરોની અંદર શરીર એન્ટી બોડિઝ તૈયાર થઈ ગઈ હતી, જે વાયરસને કોષોને સંક્રમિત કરતા અટકાવી છે. આ રીતે પાંચ જુદી જુદી રસીના ઉપયોગથી ઘણી એન્ટિ-બોડીઝ બનાવવામાં આવી. જેમાં સંશોધનકારોએ બે એન્ટિ-બોડીઝની પસંદગી કરી કે જેણે શ્રેષ્ઠ પરિણામો આપ્યા છે.

રોમની લાજારો સ્પાલનજાની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈન્ફેક્શન ડિસીઝના સંશોધનકારોએ જણાવ્યું હતું કે જ્યારે આ રસીનો ઉપયોગ માણસો પર કરવામાં આવ્યો હતો, ત્યારે એવું જોવા મળ્યું હતું કે તેણે કોષમાં હાજર વાયરસની હત્યા કરી હતી.

આ સારા સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે કોવિડ -૧૯ સામે ડબ્લ્યુએચઓના નિષ્ણાતોએ દાવો કર્યો છે કે બની શકે કે એચઆઈવી અને ડેન્ગ્યુની રસી નથી મળી એમ કોરોના વાયરસ રસી પણ ન મળે.

## છેલ્લે... છેલ્લે...

- તેલંગણા સરકારે લોકડાઉન ૨૯ મે સુધી લંબાવ્યું.
- કેન્દ્ર સરકારે જીએસટીના વાર્ષિક રિટર્ન ભરવાની અંતિમ તારીખ ૩૦મી જુનના બદલે ૩૦ સપ્ટેમ્બર જાહેર કરી.
- પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંઘે લોકડાઉન-૩ પછીના પ્લાનને જાહેર કરવા પ્રધાનમંત્રીને અનુરોધ કર્યો.
- કેરળમાં આજે એકપણ કોરોના પોઝિટિવ કેસ નોંધાયો નથી.
- જાહેર પરિવહન ટૂંક જ સમયમાં નિતી-નિયમો ઘડીને શરૂ કરાશે એમ નિતિન ગડકરીએ જણાવ્યું હતું.
- ભારત સરકારે આલ્કોહોલ બેઝ સેનેટાઈઝરની નિકાસ પર પ્રતિબંધ જાહેર કર્યો.
- ગૃહ મંત્રાલયમાં તૈનાત સીઆરપીએફના બે જવાન કોરોના પોઝિટિવ
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૧૬૭૫૮ |
| ગુજરાત | ૬૬૨૫ |
| દિલ્હી | ૫૧૦૪ |
| તામીલનાડુ | ૪૮૨૯ |
| રાજસ્થાન | ૩૨૪૦ |
| મધ્યપ્રદેશ | ૩૧૩૮ |

# હિઝબુલ કમાન્ડર રિયાઝ નાયકુ ઠાર

## હંદવારા હુમલાનો સેના દ્વારા જડબાતોડ જવાબ અપાયો : રિયાઝ નાયકુ ૨૦૧૦ પહેલા ગણિતનો શિક્ષક હતો : એન્કાઉન્ટર દરમિયાન સુરક્ષા દળોને મોટી સફળતા મળી : રિયાઝ પર ૧૨ લાખનું ઇનામ પણ હતું



નવી દિલ્હી

કાશ્મીર ખીણમાં એન્કાઉન્ટરમાં સુરક્ષાદળોને સફળતા મળી છે. આમાં હિઝબુલ મુજાહિદ્દીનના ટોચના કમાન્ડર રિયાઝ નાયકુ માર્યા ગયા છે. વરણ બાની માર્યા ગયા પછી નાયકુએ ખીણમાં હિઝબુલની કમાન સંભાળી. સૈન્યની સૂચિમાં, રિયાઝ નાઈકુ એ ++ કેટેગરીનો આતંકવાદી હતો અને તેના માથા પર ૧૨ લાખનું ઈનામ હતું. નાયકુ એક સમયે ગણિતના શિક્ષક હતા. (૩૫ વર્ષ) ખૂબ ટૂંકા સમયમાં હિઝબુલનો મહત્વપૂર્ણ ભાગ બન્યો. પોલીસ અધિકારીઓના પરિવારના સભ્યોનું અપહરણ, આતંકવાદીના મોત પર બંદૂકની સલામીએ આ ચાલ શરૂ કરી હતી, જે વધુ જોખમી બની રહી હતી. તેમની છબીને કારણે, નાયકુ ઘણા કાશ્મીરી યુવાનોને આતંકના માર્ગ પર લઈ ગયા. ગયા વર્ષે રિયાઝ અહેમદ નાયકુના પિતાએ એક ઈન્ટરવ્યુ આપ્યો હતો. તે સમજાવે છે કે પુત્ર નાઈકુ એન્જિનિયર બનવા માંગતો હતો. તે ગણિતમાં સારો હતો અને બાંધકામના કામમાં પણ રસ હતો. પરિવાર સાથેની વાતચીતમાં, એવું જાણવા મળ્યું કે હિઝબુલ સાથે જોડાવાના દિવસે પિતાએ તેને મૃત માન્યો હતો.


પરિવારે ઈન્ટરવ્યુ દરમિયાન એવી વાતો કરી હતી કે જાણે તેમનો પુત્ર (૨૦૧૮) માં મરી ગયો હોય. પુત્રને યાદ કરતાં પિતા કહે છે, "તે ૧૨ માં ૬૦૦ માંથી ૪૬૪ મા ક્રમાંક પર હતો." તેમણે ખાનગી શાળામાં પણ ગણિત શીખવવાનું શરૂ કર્યું. પછી જે બન્યું તે એ હતું કે સ્કૂલનો શિક્ષક અચાનક આતંકવાદી બની ગયો હતો. તે બધું વર્ષ ૨૦૧૦ માં શરૂ થયું. તે વર્ષે, ૧૭ વર્ષિય અહમદ મટ્ટોનું પ્રદર્શન દરમિયાન અશ્રુ ગેસથી મૃત્યુ થયું હતું. તેવું તે મૃત્યુ પછી ખીણમાં બદલાઈ ગયું. ઘણા લોકો પોલીસના હાથે ઝડપાયા હતા. નાયકુ પણ તેમાંના એક હતા. તેને ૨૦૧૨ માં રજૂ કરવામાં આવ્યો હતો પરંતુ ત્યાં સુધીમાં તે સંપૂર્ણ બદલાઈ ગયો હતો. ત્યારબાદ ૨૦૧૨ની તે જ રાત્રે તેણે ભોપાલ યુનિવર્સિટીમાં આગળના અભ્યાસ માટે પ્રવેશ માટે પિતા પાસેથી ૭ હજાર રૂપિયા લીધા

● અનુસંધાન પાન-૭ પર

### દેશમાં કોરોનાનું 'કમ્યૂનિટી ટ્રાન્સમિશન' નથી થતું : હર્ષવર્ધન

ન્યુ દિલ્હી,તા.૬

દેશના આરોગ્ય પ્રધાન હર્ષ વર્ધને દાવો કર્યો હતો કે દેશમાં હાલમાં કોવિડ-૧૯ (કોરોના વાઈરસ)ના રોગચાળાનું 'કમ્યૂનિટી ટ્રાન્સમિશન' નથી થતું અને કોરોનાના દરદીઓ વધવાનો દર ઓછો થઈ રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે રોગચાળાને લીધે લોકો આરોગ્ય પ્રત્યે વધુ સજાગ બન્યા છે અને હાથ સહિતના શરીરને વધુ ચોખ્ખું રાખી રહ્યા છે, સ્વાસોચ્છ્વાસ પ્રત્યે સરખું ધ્યાન આપી રહ્યા છે અને વાતાવરણને સ્વચ્છ રાખવાની કોશિશ કરી રહ્યા છે. આ બાબત હવે તેઓ માટે રોજિંદા જીવનનો ભાગ બની જશે અને તેને લીધે



ભવિષ્યમાં રોગચાળો નહિ ફેલાય. તેમણે જણાવ્યું હતું કે કોરોના વાઈરસના રોગચાળા દરમિયાન 'મેક ઈન ઈન્ડિયા'ને વેગ મળ્યો છે. દેશમાં પર્સનલ પ્રૉટેક્શન ઈક્વિપમેન્ટ, એન-૯૫ અને અનેક દવાનું હવે મોટા પાયે ઉત્પાદન કરાઈ રહ્યું છે. હૉસ્પિટલો અને અન્ય આરોગ્ય સેવા કેન્દ્રો ખાતે સુવિધા વધારાઈ છે.

હર્ષ વર્ધને કેન્દ્રના ગૃહ મંત્રાલય દ્વારા દેશમાં અનેક ઠેકાણે દારૂની દુકાનો ખોલવા અપાયેલી પરવાનગીને લીધે ઘણાં રાજ્યમાં ઊભી થયેલી અંધાધૂંધીનાં સંબંધમાં ચિંતા વ્યક્ત કરી હતી.

### સરકારે પેટ્રોલ પર ૧૦ અને ડીઝલ પર ૧૩ રૂપિયા એક્સાઈઝ વધારી

**આ વધારાના બોજની ગ્રાહકો ઉપર કોઈ અસર નહીં**

નવી દિલ્હી, તા. ૬

કોરોના કહેર વચ્ચે આંતરરાષ્ટ્રીય ક્રૂડની માંગમાં ઘટાડો થતાં સતત કિંમતોમાં ઘટાડો થઈ રહ્યો છે. મંગળવારે સાંજે કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલની એક્સાઈઝ ડ્યૂટીમાં ધરમખ વધારો કર્યો છે. પ્રતિ લિટર પેટ્રોલની એક્સાઈઝ ડ્યૂટીમાં રૂાં. ૧૦ અને ડીઝલમાં રૂા. ૧૩ રૂપિયાનો વધારો કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# વિશ્વભરમાં મૃત્યુઆંક અઢી લાખને પાર

## વિશ્વમાં હજુ પણ ગંભીરરીતે રહેલ દર્દીઓની સંખ્યા વધુ : રિકવર લોકોની સંખ્યા વધીને ૧૨૫૦૬૦૨

નવી દિલ્હી,તા.૬

વિશ્વમાં કોરોનાની સ્થિતી કેટલી ખતરનાક છે તેનો અંદાજ આના પરથી જ લગાવી શકાય છે કે મોતના આંકડાના મામલામાં અમેરિકા, સ્પેન, ઈટાલી, ફ્રાંસ, બ્રિટન, બેલ્જિયમ સૌથી આગળ રહ્યા છે. આ તમામ દેશોમાં મોટી સંખ્યામાં લોકોએ કોરોના વાયરસના કારણે દમ તોડી દીધા છે. ભારતમાં પણ હવે સ્થિતી ખરાબ થઈ રહી છે. કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. કોરોના વાયરસ વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૩૭૪૭૩૧૩ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૩૬ લાખથી પણ ઉપર થઈ ગયો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૨૫૦૬૦૨ સુધી પહોંચી ગઈ છે.